Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૧૧૨૫ ● પ્રકાશિત તા-૩૦-૭-૨૦૨૬,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## પેપર લીક રોકવા માટે કડક કાયદો લોકસભામાં પાસ : ૭ વર્ષની સજા, ૧૦ કરોડ સુધીનો દંડ

નવી દિલ્હી : લોકસભામાં પેપર લીક સંબંધિત 'લોક પરીક્ષા (અયોગ્ય સાધનોની રોકથામ) સુધારા વિધેયક, ૨૦૨૬' બુધવારે વિપક્ષના હોબાળા વચ્ચે ધ્વનિ મતથી પસાર થઈ ગયું. મંગળવારે બિલ પર ૯ કલાક ચર્ચા થઈ. જ્યારે બુધવારે વિપક્ષના હોબાળા વચ્ચે ધ્વનિ મતથી પસાર થઈ ગયું.મંગળવારે બિલ પર ૯ કલાક ચર્ચા થઈ. જ્યારે બુધવારે વિપક્ષના હોબાળા વચ્ચે બિલ પસાર થયું. આ બિલમાં પેપર લીક સંબંધિત કાયદા કડક કરવામાં આવ્યા છે. આ અંતર્ગત હવે મહત્તમ ૧૦ વર્ષ સુધીની જેલ અને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ ઉમેરવામાં આવી છે. આ બિલમાં વધુ કડક સજાઓની દરખાસ્ત કરવામાં આવી છે. આ કાયદાનો ઉદ્દેશ્ય વ્યક્તિઓ, સંગઠિત જૂથો અને સંગઠનોને અન્યાયી માધ્યમોનો આશરો લેતા અને જાહેર પરીક્ષાઓની અખંડિતતાને નબળી પાડતા ગુનાઓ કરવાથી અસરકારક રીતે અટકાવવાનો છે.







જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## અન્ય કોર્પોરેટરોએ પણ આવી પહેલ કરવી જોઈએ...!!

# નવા વાડજના મહિલા કોર્પોરેટરે જાહેર કરી ઓફિસ સંપર્ક માહિતી




અમદાવાદ : અમદાવાદ મહાનગરપાલિકાની ચુંટણીઓ બાદ નવનિયુક્ત કોર્પોરેટરોએ પોતાના વિસ્તારોમાં કામકાજ શરૂ કરી દીધા છે, ત્રણ જ મહિનાના ટુંકા ગાળામાં નવનિયુક્ત કોર્પોરેટરોએ વોર્ડ ઓફિસમાં બેસવાનું શરૂ કર્યુ છે. વોર્ડ ઓફિસમાં દરરોજ લોકોની વિવિધ ફરિયાદો સાંભળી રહ્યા છે.ત્યારે નવા વાડજ વોર્ડના મહિલા કોર્પોરેટર શ્રીમતી અનિતાબેન મુકેશભાઈ પટેલ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે.

નવા વાડજ વોર્ડમાં બે ટર્મના મહામંત્રી મુકેશભાઈ પટેલના ધર્મપત્ની અને નવા વાડજ વોર્ડના કોર્પોરેટર શ્રીમતી અનિતાબેન મુકેશભાઈ પટેલ દ્વારા વોટ્સઅપ ગ્રુપ અને સોશિયલ મીડિયામાં વિસ્તારના નાગરિકોની સુવિધા માટે ઓફિસનું સરનામું, ઓફિસ સમય અને વિવિધ નાગરિક પ્રશ્નોના નિરાકરણ માટે સંપર્કની વિગતો જાહેર કરવામાં આવી છે. સ્થાનિક સ્તરે આ પહેલને પારદર્શિતા અને જનસંપર્ક વધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

જાહેર કરાયેલી માહિતી અનુસાર, વિસ્તારના નાગરિકો સહી-સિક્કા સંબંધિત કામો ઉપરાંત ગટર, પાણી, સ્ટ્રીટ લાઈટ, રોડ-પેવર અને અન્ય નાગરિક સુવિધાઓ અંગેની રજૂઆતો માટે દરરોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કોર્પોરેટરની ઓફિસે સંપર્ક કરી શકશે. આ માટે નવા વાડજ સ્થિત ગોવિંદ પ્લાઝા ખાતે ઓફિસ કાર્યરત રાખવામાં આવી છે.

સ્થાનિક નાગરિકોનું માનવું છે કે જનપ્રતિનિધિ દ્વારા ઓફિસનું સરનામું, મુલાકાતનો સમય અને સંપર્કની વિગતો જાહેર કરવામાં આવે તો લોકોને પોતાના પ્રશ્નો રજૂ કરવામાં સરળતા રહે છે. સાથે જ પ્રશ્નોના સમયસર અને અસરકારક નિરાકરણમાં પણ મદદ મળે છે.

આ ઉપરાંત શહેરના સામાજિક આગેવાનો અને જાગૃત નાગરિકોમાંથી પણ એવી માંગ ઉઠી રહી છે કે અમદાવાદ મહાનગરપાલિકાના તમામ કોર્પોરેટરોએ પોતાના વોર્ડ માટે મોબાઈલ નંબર સહિતની આ પ્રકારની જાહેર સંપર્ક વ્યવસ્થા શરૂ કરવી જોઈએ. દરેક કોર્પોરેટરે પોતાની ઓફિસનું સરનામું, મુલાકાતનો સમય, સંપર્ક નંબર અને નાગરિક સેવાઓ સંબંધિત માહિતી જાહેર કરવાથી લોકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેનો સંપર્ક વધુ સુલભ બની શકે છે.

નિષ્ણાતોના મતે, પારદર્શિતા, જવાબદારી અને લોકો સુધી સરળ પહોંચ એ સારા શાસનના મહત્વના આધારસ્તંભો છે. જો શહેરના તમામ કોર્પોરેટરો આવી વ્યવસ્થા અપનાવે તો નાગરિકોની ફરિયાદો અને રજૂઆતોનું વધુ વ્યવસ્થિત સંચાલન થઈ શકે તેમજ સ્થાનિક સમસ્યાઓના ઝડપી ઉકેલમાં પણ મદદ મળી શકે.

નવા વાડજના કોર્પોરેટર દ્વારા કરવામાં આવેલી આ પહેલ હવે શહેરના અન્ય જનપ્રતિનિધિઓ માટે પણ એક સકારાત્મક ઉદાહરણ બની રહી છે. હવે જોવાનું એ રહેશે કે અમદાવાદના અન્ય કોર્પોરેટરો પણ પોતાના વિસ્તારના નાગરિકોની સુવિધા માટે આવી જ પારદર્શક અને જનહિતલક્ષી પહેલ કરે છે કે નહીં.

# સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા ગુરુપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી



અમદાવાદઃ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા, અમદાવાદ વિભાગ-૪ દ્વારા રાણીપ સ્થિત કે.આર. રાવલ સ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવ અને ધાર્મિક શ્રદ્ધા સાથે ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીના પૂજન-અર્ચનથી કરવામાં આવી હતી. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ભગવાન સત્યનારાયણની પૂજા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, સભ્યો તથા પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ ગુરુ પરંપરાના મહિમાનું સ્મરણ કરી સમાજમાં શિક્ષણ, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યોના જતનનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વાતાવરણ વચ્ચે સૌએ પૂજામાં સહભાગી બની ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વની ઉજવણી કરી હતી.

સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં એકતા, ભાઈચારો અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

# વંદેભારત ૧૭ ઓગષ્ટથી અમદાવાદ નહીં પણ સાબરમતી સ્ટેશનથી ઉપડશે



અમદાવાદ : અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસ તા.૧૭ ઓગષ્ટથી હવે અમદાવાદ જંકશનના બદલે સાબરમતી જેલ સાઈડ એસબીટી સ્ટેશન પરથી ઉપડશે. જયારે સાબરમતીથી સંચાલીત થતી જોધપુર, આગ્રા કેન્ટ અને ગ્વાલીયર એક્સપ્રેસ હવે ગાંધીગ્રામ સ્ટેશન પરથી ઉપડશે. નહી વ્યવસ્થા હેઠળ શહેરના પશ્ચિમ વિસ્તારને પ્રથમ વખત છે. વંદે ભારત એકસપ્રેસનું સ્ટોપેજ મળશે. જયારે ઉત્તર અમદાવાદના મુસાફરોને ચાંદખેડા રોડ સ્ટેશન પરથી લાંબા અંતરની ટ્રેનોની સુવિધા મળશે. વંદે ભારત ટ્રેન સવારે ૬.૧૫ કલાકે સાબરમતીથી ઉપડશે. અને સવારે ૬.૨૩ કલાકે આંબલી રોડ પહોચીને ૬.૨૫ કલાકે આગળ રવાના થશે. પરતમાં ટ્રેન રાત્રે ૧૦:૪૦ કલાકે આંબલી રોડ પહોચશે. અને ૧૧.૧૦ કલાકે સાબરમતી પહોચશે. આંબલી રોડ સ્ટેશને પ્રથમ વખત વંદે ભારત એકસપ્રેસનું સ્ટોપેજ મળશે. એસ.જી. હાઈવે બોડકદેવ, પ્રહલાદનાગર,સાઉથ બોપલશેલા, ઘુમા સહીતના વિસ્તારોના મુસાફરોને અમદાવાદ જંકશન સુધી જવાની જરૂર નહી રહે. રેલવે મંત્રાલયે ગાંધીગ્રામ-જોધપુર, ગાંધીગ્રામ-આગ્રા કેન્ટ અને એકસપ્રેસનું ટર્મીનલ સ્ટેશન સાબરમતીના બદલે ગાંધીગ્રામ કરવાનો નિર્ણય લીધો છે. આ ત્રણેય ટ્રેનોને ચાંદખેડા રોડ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ અપાયું છે.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪,
મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

# અમદાવાદીઓ, રીડેવલપમેન્ટ પ્રોજેક્ટની બાજુમાં રહેતા હો તો સાવધાન!

## ભારે વરસાદ પછી પણ ટળતું નથી જોખમ; જૂના મકાનોમાં દિવાલ ધસી પડવા, તિરાડો અને માળખાકીય નુકસાનની વધી આશંકા : અમદાવાદમાં તાજેતરની ઘટનાઓ બાદ નિષ્ણાતોની ચેતવણી-૨૫થી ૩૦ વર્ષ જૂની સોસાયટીઓએ મતભેદો ભૂલી સમયસર રીડેવલપમેન્ટનો નિર્ણય લેવાની જરૂર

અમદાવાદ : શહેરમાં ઝડપથી વધી રહેલા રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ વચ્ચે જૂની સોસાયટીઓમાં રહેતા હજારો પરિવારો માટે ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ રહી છે. ખાસ કરીને જો કોઈ સોસાયટી કે એપાર્ટમેન્ટની બાજુમાં રીડેવલપમેન્ટ અથવા ઊંડું ખોદકામ ચાલી રહ્યું હોય, તો ચોમાસામાં પડેલો ભારે વરસાદ અને લાંબા સમય સુધી જમીનમાં રહેલું પાણી આસપાસના જૂના મકાનો માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. નિષ્ણાતોના મતે, વરસાદ બંધ થઈ જાય એટલે જોખમ પણ સમાપ્ત થઈ ગયું એવું માનવું ભૂલભર્યું છે. ઘણી વખત ખરેખરનું નુકસાન તો વરસાદ પછી ધીમે ધીમે સામે આવતું હોય છે.

તાજેતરમાં અમદાવાદમાં ભારે વરસાદ બાદ નારણપુરા, જોધપુર સહિતના વિસ્તારોમાં બાંધકામ સાઈટો પર દિવાલ ધસી પડવાના બનાવોએ સમગ્ર શહેરનું ધ્યાન દોર્યું છે. જેમાં શહેરના નારણપુરામાં વિસ્તારમાં આવેલ અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ ચાલી રહ્યુ છે. તાજેતરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના રીડેવલપમેન્ટ પ્રોજેક્ટની નજીક આવેલા કર્ણાવતી એપાર્ટમેન્ટના મકાનોને થયેલા નુકસાન બાદ આસપાસની જૂની સોસાયટીઓમાં રહેતા લોકોમાં ચિંતા વધી છે.

માળખાકીય નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ભારે વરસાદનું પાણી ઈમારતના પાયા, કૉલમ, બીમ અને સ્લેબમાં પ્રવેશી જાય છે. તેના કારણે સ્ટીલમાં સતત કાટ લાગવા લાગે છે અને માળખાકીય મજબૂતાઈ ધીમે ધીમે ઘટતી જાય છે. બહારથી ઈમારત સામાન્ય દેખાતી હોવા છતાં અંદરથી તેનું સ્ટ્રક્ચર નબળું બનતું રહે છે. પરિણામે પ્લાસ્ટર તૂટી પડવું, સ્લેબના ભાગો ખસી જવા, દિવાલોમાં તિરાડો પડવી અથવા ગંભીર માળખાકીય નુકસાન જેવી ઘટનાઓ કોઈપણ સમયે બની શકે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે રીડેવલપમેન્ટ સાઈટની બાજુમાં જમીનની સ્થિરતા બદલાય છે. વરસાદી પાણીના દબાણથી પાયો નબળો પડી શકે છે અને જૂના મકાનો પર વધારાનો ભાર આવવાથી અણધારી દુર્ઘટનાઓ સર્જાઈ શકે છે.માળખાકીય ઈજનેરોનું માનવું છે કે ૨૫થી ૩૦ વર્ષ કે તેથી વધુ જૂની સોસાયટીઓએ સમયાંતરે સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવી અનિવાર્ય છે. જો મકાનમાં તિરાડો, પાણીનો સતત પ્રવેશ, સ્ટીલમાં કાટ અથવા અન્ય માળખાકીય ખામીઓ જોવા મળે, તો તેને અવગણવી જીવલેણ સાબિત થઈ શકે છે.

આવી પરિસ્થિતિમાં સોસાયટીના સભ્યોએ વ્યક્તિગત મતભેદો, જૂના વિવાદો અને સ્વાર્થને બાજુએ રાખીને સમગ્ર સોસાયટીના હિતમાં એકમતથી નિર્ણય લેવો જોઈએ. સમયસર રીડેવલપમેન્ટનો નિર્ણય માત્ર મિલકતનું મૂલ્ય વધારતો નથી, પરંતુ રહેવાસીઓની સુરક્ષા પણ સુનિશ્ચિત કરે છે.

નિષ્ણાતોના મતે, રીડેવલપમેન્ટ માટે ખોટી માંગણીઓ કરતા સભ્યોને સમજાવી સાથે રાખીને ઊંચી ઓફર આપતા બિલ્ડરને પસંદ કરવાને બદલે અનુભવી, પ્રતિષ્ઠિત, આર્થિક રીતે સક્ષમ અને વિશ્વસનીય ડેવલપરને પ્રાથમિકતા આપવી જોઈએ. પારદર્શક કરાર, યોગ્ય ટેક્નિકલ આયોજન, સ્ટ્રક્ચરલ સલામતી અને કાયદેસરની પ્રક્રિયા સાથે હાથ ધરાયેલ રીડેવલપમેન્ટ જ લાંબા ગાળે સુરક્ષિત અને સફળ સાબિત થાય છે.

અમદાવાદમાં વરસાદી મોસમ દરમિયાન બનેલી તાજેતરની ઘટનાઓએ સ્પષ્ટ કર્યું છે કે જૂની અને જર્જરિત સોસાયટીઓ માટે હવે રાહ જોવાનો સમય રહ્યો નથી. નિષ્ણાતોનું માનવું છે કે સમયસર સ્ટ્રક્ચરલ ઓડિટ, સોસાયટીનો સર્વાનુમતે નિર્ણય અને યોગ્ય રીડેવલપમેન્ટ દ્વારા જ ભવિષ્યમાં મોટી દુર્ઘટનાઓ અટકાવી શકાય છે. વરસાદ બંધ થયા પછી જોખમ સમાપ્ત થઈ ગયું છે તેવી માન્યતા રાખવાને બદલે સાવચેતી અને પૂર્વ આયોજન અપનાવવું એ જ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે.

## જર્જરિત કર્ણાવતી વિ-૨ અને લક્ષ્મીકૃપા વિ-૨ના રીડેવલપમેન્ટ માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ



અમદાવાદઃ શહેરના સોલા રોડ, નારણપુરા ખાતે આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની કર્ણાવતી વિ-૨ અને લક્ષ્મીકૃપા વિ-૨ યોજનાના જર્જરિત મકાનોના રીડેવલપમેન્ટ માટે તાત્કાલિક ટેન્ડર બહાર પાડવા અથવા સત્તા અનુસાર ઓફર દ્વારા કામગીરી સોંપવાની માંગ ઉઠી છે. આ અંગે ગુજરાત હાઉસિંગ બોર્ડના કમિશ્નરને રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે બંને યોજનાઓના એક રૂમ-રસોડાના (૧ HK) મકાનોને આશરે ૪૦ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવાથી હાલ મકાનો અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં પહોંચી ગયા છે. અહીં વસવાટ કરતા મોટાભાગના પરિવારો આર્થિક રીતે નબળી સ્થિતિમાં હોવાથી તેઓ માટે અન્યત્ર સ્થળાંતર કરવું મુશ્કેલ બન્યું છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે નજીકમાં આવેલી સૂર્યા વિ-૨ યોજનાનું રીડેવલપમેન્ટ ચાલી રહ્યું છે. તે દરમિયાન ડાયા ફાર્મ વોલ તૂટી પડતાં કર્ણાવતી વિ-૨ અને લક્ષ્મીકૃપા વિ-૨ના ચાર બ્લોક વધુ જોખમી બન્યા છે. પરિણામે ૪૮ પરિવારોને પોતાની સલામતી માટે મકાનો ખાલી કરવાની ફરજ પડી છે, જ્યારે અન્ય રહેવાસીઓ પણ સતત ભયના માહોલમાં જીવન જીવી રહ્યા છે.

રહેવાસીઓએ ગુજરાત હાઉસિંગ બોર્ડને માનવજીવનની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી બંને યોજનાઓના રીડેવલપમેન્ટનું ટેન્ડર તાત્કાલિક બહાર પાડવા અથવા સત્તા અનુસાર ઓફર દ્વારા કામગીરી સોંપી વહેલી તકે કામ શરૂ કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં એ પણ માંગ કરવામાં આવી છે કે યોજનાઓ મૂળ MIG શ્રેણીની હોવાથી સરકારની રીડેવલપમેન્ટ નીતિ મુજબ રહેવાસીઓને ૪૦ ટકા વધારાના ક્ષેત્રફળ અથવા ૫૦ ચોરસ મીટર (જે વધુ હોય તે) મુજબ ૨ BHKનું મકાન ફાળવવામાં આવે. ઉપરાંત, રીડેવલપમેન્ટ દરમિયાન નિયમ મુજબ ભાડું ચૂકવવામાં આવે જેથી રહેવાસીઓ સુરક્ષિત સ્થળે રહેવાની વ્યવસ્થા કરી શકે.

પૂર્વ કોર્પોરેટર તથા લોકતંત્ર સેનાની ઉત્તમ સુરતી અને ગુજરાત હાઉસિંગ બોર્ડ વસાહત મંડળના પ્રમુખ દિનેશ બારડે જણાવ્યું હતું કે આ પ્રશ્ન સીધો રહેવાસીઓની સલામતી સાથે જોડાયેલો હોવાથી સરકાર અને હાઉસિંગ બોર્ડે વિલંબ કર્યા વગર તાત્કાલિક નિર્ણય લઈ રીડેવલપમેન્ટની પ્રક્રિયા શરૂ કરવી જરૂરી બની છે.

## ભારે વરસાદે જૂની ઈમારતોની વાસ્તવિક સ્થિતિ ઉજાગર કરી

# હવે રીડેવલપમેન્ટનો નિર્ણય ટાળવો જોખમી બની શકે : જિતેન્દ્ર શાહ

અમદાવાદ : અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ શહેરોમાં છેલ્લા કેટલાક વર્ષોથી પડતા ભારે વરસાદે ગુજરાત હાઉસિંગ બોર્ડની સોસાયટીઓ, ટાઉનશીપ સોસાયટીઓ તેમજ ખાનગી રહેણાંક સોસાયટીઓ, જે ૨૫થી ૩૦ વર્ષ કે તેથી વધુ જૂની છે, તેમની વાસ્તવિક સ્થિતિ સામે લાવી છે.

ભારે વરસાદ દરમિયાન ભોંયરાં (બેઝમેન્ટ) અને પાર્કિંગમાં પાણી ભરાઈ જવાથી કાર, બાઈક અને અન્ય વાહનોને લાખો રૂપિયાનું નુકસાન થાય છે. ઉપરાંત સ્લેબમાંથી પાણી ટપકવું, સ્ટીલમાં કાટ લાગવો, દિવાલોમાં ભેજ અને તિરાડો પડવી, પ્લાસ્ટર ઊખડી જવું, લિફ્ટ અને ઈલેક્ટ્રિકલ સિસ્ટમને નુકસાન થવું, ડ્રેનેજ વ્યવસ્થા ખોરવાઈ જવી અને ગંદકી તથા જીવાતોનો ઉપદ્રવ વધવો જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે.

**અર્બન રીડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલફેર અસોસિએશનના પ્રેસિડેન્ટ જિતેન્દ્ર શાહના જણાવ્યા અનુસાર, સૌથી ચિંતાજનક બાબત એ છે કે ભારે વરસાદ બંધ થઈ ગયા પછી પણ તેનું નુકસાન અટકતું નથી. ઈમારતના પાયા, કૉલમ, બીમ અને સ્લેબમાં ઘૂસેલું પાણી સ્ટીલમાં સતત કાટ પેદા કરે છે, જેના કારણે માળખાકીય મજબૂતાઈ ધીમે ધીમે ઘટતી જાય છે...**

અર્બન રીડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલફેર અસોસિએશનના પ્રેસિડેન્ટ જિતેન્દ્ર શાહના જણાવ્યા અનુસાર, સૌથી ચિંતાજનક બાબત એ છે કે ભારે વરસાદ બંધ થઈ ગયા પછી પણ તેનું નુકસાન અટકતું નથી. ઈમારતના પાયા, કૉલમ, બીમ અને સ્લેબમાં ઘૂસેલું પાણી સ્ટીલમાં સતત કાટ પેદા કરે છે, જેના કારણે માળખાકીય મજબૂતાઈ ધીમે ધીમે ઘટતી જાય છે. બહારથી ઈમારત સામાન્ય દેખાતી હોવા છતાં અંદરથી તેનું સ્ટ્રક્ચર નબળું પડતું રહે છે. આવી સ્થિતિમાં કોઈપણ સમયે પ્લાસ્ટર તૂટવું, સ્લેબના ભાગો ખસી પડવા અથવા ગંભીર માળખાકીય નુકસાન થવાની શક્યતા વધે છે. તેથી વરસાદ પૂરો થઈ ગયો એટલે જોખમ પણ પૂરું થઈ ગયું એવું માનવું યોગ્ય નથી. આવી પરિસ્થિતિમાં સોસાયટીના તમામ સભ્યોએ વ્યક્તિગત મતભેદો, જૂના વિવાદો અને સ્વાર્થને બાજુએ રાખીને સમગ્ર સોસાયટીના હિતમાં એકમતથી નિર્ણય લેવાની જરૂર છે. વર્તમાન બજાર પરિસ્થિતિનો લાભ લઈને અનુભવી, પ્રતિષ્ઠિત, આર્થિક રીતે સક્ષમ અને વિશ્વસનીય બિલ્ડરની પસંદગી કરીને રીડેવલપમેન્ટની પ્રક્રિયા શરૂ કરવી એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે.રીડેવલપમેન્ટ માત્ર નવી ઈમારત મેળવવાનો વિષય નથી, પરંતુ પોતાના પરિવારના જીવનની સુરક્ષા, મિલકતના મૂલ્યમાં વધારો અને આવનારી પેઢીને આધુનિક તથા સલામત રહેણાંક આપવાનો જવાબદાર નિર્ણય છે.

અમદાવાદ તથા સમગ્ર ગુજરાતની તમામ જૂની હાઉસિંગ બોર્ડ, ટાઉનશીપ અને ખાનગી રહેણાંક સોસાયટીઓના રહેવાસીઓને અપીલ છે કે તેઓ કોઈ અનિચ્છનીય ઘટના બને તેની રાહ ન જુએ. સમયસર યોગ્ય નિર્ણય લો, અનુભવી અને વિશ્વસનીય બિલ્ડરની પસંદગી કરો અને રીડેવલપમેન્ટ દ્વારા પોતાના પરિવાર અને મિલકતનું ભવિષ્ય સુરક્ષિત બનાવો. સમયસર લેવાયેલો નિર્ણય જ આવતીકાલની સુરક્ષાની સૌથી મોટી ગેરંટી બની શકે છે.

### હવે પાર્કિંગ શોધવા રસ્તા પર નહીં મારવા પડે આંટાફેરા!

# અમદાવાદીઓને મોટી ડિજિટલ ભેટ : ૧૬૦થી વધુ પાર્કિંગ લોકેશન Google Maps પર

અમદાવાદઃ શહેરમાં દિન-પ્રતિદિન વધતી પાર્કિંગની વિકટ સમસ્યા અને ટ્રાફિકના ભારણને હળવું કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા એક મોટો ડિજિટલ નિર્ણય લેવામાં આવ્યો છે. 'ડિજિટલ ઈન્ડિયા' અને 'સ્માર્ટ સિટી મિશન' હેઠળ હાથ ધરાયેલી આ પહેલમાં શહેરના ૧૬૦થી વધુ જાહેર પાર્કિંગ સ્થળોને હવે સત્તાવાર રીતે Google Maps સાથે લિંક કરી દેવાયા છે. આ વ્યવસ્થાથી અમદાવાદીઓ અને બહારથી આવતા વાહનચાલકો માટે પોતાના મોબાઈલમાં જ નજીકનું પાર્કિંગ શોધવું અત્યંત આસાન બની જશે.

AMCની આ નવી સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ વ્યવસ્થા હેઠળ પે એન્ડ પાર્ક પ્લોટ્સ, સ્માર્ટ પાર્કિંગ, મલ્ટીલેવલ કાર પાર્કિંગ બિલ્ડિંગ્સ અને ઓન-સ્ટ્રીટ પાર્કિંગ સુવિધાઓને એક છત નીચે લાવી Google Maps પર મૂકવામાં આવ્યા છે. વાહનચાલકો હવે સીધા જ Google Maps દ્વારા નજીકના પાર્કિંગ લોકેશન સુધી પહોંચવાનો સૌથી ટૂંકો અને અનુકૂળ રસ્તો મેળવી શકશે.

આ સુવિધાના કારણે વાહનચાલકોને પાર્કિંગ શોધવા માર્ગો પર મારવા પડતા આંટાફેરા બંધ થશે, જેનાથી સમય અને ઈંધણ બંનેની બચત થશે તેમજ આડેધડ પાર્કિંગની સમસ્યા પર પણ અંકુશ આવશે. આ ઉપરાંત, AMC દ્વારા આ સિસ્ટમને પોતાની AmdaPark App સાથે પણ સાંકળી લેવામાં આવી છે. આ એપના માધ્યમથી નાગરિકોને રિયલ-ટાઇમ પાર્કિંગની ઉપલબ્ધતા, સ્થળોની સંપૂર્ણ માહિતી, એડવાન્સ બુકિંગ અને ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક સવલતો મળશે. સાથે જ, કોમર્શિયલ એકમો માટે પણ પ્રોપર્ટી ટેક્સમાં રાહતની મોટી નીતિ જાહેર કરાઈ છે. જો શોપિંગ મોલ, હોસ્પિટલ, મલ્ટીપ્લેક્સ કે હોટેલ જેવા વેપારી એકમો નાગરિકોને નિઃશુલ્ક પાર્કિંગ સુવિધા આપશે, તો તેમને પાર્કિંગ વિસ્તાર માટે ૧૦૦ ટકા પ્રોપર્ટી ટેક્સ માફી મળશે.

જે ખાનગી મિલકત માલિકો કે વેપારીઓ પાર્કિંગ ચાર્જ વસૂલવા માંગે છે, તેમણે પણ પોતાની ક્ષમતા અને દરોની માહિતી AmdaPark પ્લેટફોર્મ પર અપડેટ કરવાની રહેશે, જ્યાં તેઓ માત્ર AMCદ્વારા નક્કી કરાયેલા દર મુજબ જ ફી વસૂલી શકશે. આનાથી શહેરમાં પાર્કિંગ ચાર્જમાં એકરૂપતા અને પારદર્શકતા આવશે. AMC દ્વારા વધુમાં વધુ નાગરિકો અને વેપારીઓને આ ડિજિટલ પહેલનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં શહેરના વધુ પાર્કિંગ સ્થળોને પણ આ નેટવર્ક સાથે જોડવાની આયોજનબદ્ધ કામગીરી હાથ ધરાશે.




# જ્ઞાનદા ગર્લ્સ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી

અમદાવાદ : શહેરમાં ઘાટલોડિયાની જ્ઞાનદા ગર્લ્સ ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજે 'આચાર્ય વંદના કાર્યક્રમ' અંતર્ગત ગુરુપૂર્ણિમાની ઉજવણી ભક્તિભાવ અને ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

રિપોર્ટ મુજબ, જ્ઞાનદા ગર્લ્સ ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજે 'આચાર્ય વંદના કાર્યક્રમની શરૂઆત સરસ્વતી પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ ૯ અને ૧૧ની વિદ્યાર્થીનીઓએ ગુરુના મહિમા પર સુંદર વક્તવ્ય રજૂ કરી ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્વ તેમજ ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.


આ પ્રસંગે ગુરુપૂજન વિધિ યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીનીઓએ શિક્ષકોને તિલક કરી પુષ્પ અર્પણ કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ ગુરુ મહિમા દર્શાવતું ભાવસભર ગીત રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંકલ્પ વાચન પણ યોજાયું, જેમાં તમામ વિદ્યાર્થીનીઓએ ગુરુજનોના આદર્શોને જીવનમાં ઉતારવા, માતા-પિતા અને શિક્ષકોનો આદર કરવા તેમજ સદાચારપૂર્ણ જીવન જીવવાનો સંકલ્પ લીધો હતો.

અંતમાં શાળાના આચાયશ્રીએ પોતાના સંબોધનમાં ગુરુના મહિમા અને શિક્ષણના મૂલ્યો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય અને સંસ્કારસભર વાતાવરણ છવાયેલું રહ્યું. વિદ્યાર્થીનીઓએ ગુરુજનોનું વંદન કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. ગુરુપૂર્ણિમાની આ ઉજવણી વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી, સંસ્કારસભર અને ચિરસ્મરણીય બની રહી હતી.










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.